## આઇઆઇટી ગાંધીનગરના ૧૩ સ્ટુડન્ટસ સાથે મળીને

# યુએસના સ્ટુડન્ટસ ‘ભારતની ખોજ’ કરશે



વૈશ્વિક સ્તરે ભારતના ઈકોનોમિક ગ્રોથને જોતા દુનિયાના દેશો ભારત તરફ આકર્ષાયા છે ત્યારે અમેરિકામા આવેલી કેલિફોનિયા ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીના ૧૦ સ્ટુડન્ટસ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ ભારતની એજયુકેશન ટૂર પર આવ્યા છે. છેલ્લા ત્રણ વર્ષથી આઈ.આઈ.ટી (જીએન) યુએસની આ યુનિવર્સિટી સાથે મળીને આ પ્રોગ્રામ ચલાવી રહી છે. ‘ઈન્ડિયા કી ખોજ’ નામે આઠ દિવસના આ પ્રોગ્રામમાં તેઓ ભારતના ઐતિહાસિક, સાંસ્કૃતિક , ઈકોનોમિક વારસા વિશે માહિતી મેળવશે.

ઈન્ડિયા કી ખોજ ના પ્રથમ દિવસે આઈ.આઈ.આઈ.ટી કેમ્પસ ખાતે લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ સ્ટુડન્ટસને ઉર્વશી બુટેલાએ ભારતમાં મહિલાઓની પરિસ્થિતિ વિશેના સિનારિયાથી માહિતગાર કર્યા હતા.આ ઉપરાંત તેમણે ભારતમાં મહિલાઓની પરિસ્થિતિ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે ભારત ધીરે ધીરે બદલાય રહ્યું છે. દરેક ક્ષેત્રમાં વિકાસના પગલે ભારત આજે વિશ્વસતા બનવા તરફ જઈ રહ્યુ છે.પણ વિકાસની આ રાહમાં ભારત દેશનું હાર્દ સમી મહિલાઓ અને તેમના વિકાસને ભારત પાછળ રાખી રહ્યુ છે.ભારતનો સપૂર્ણ વિકાસ સ્ત્રીઓને સમાન હક્ક આપીને જ થઈ શકે છે.

**કયા સ્થળોની મુલાકાત**

- અમદાવાદ શહેરની હેરિટેઝ વોક
- હઠીસિંઘ પેલસ
- અમદાવાદના આર્કિટેચર ઉપર વ્યાખ્યાન IIT
- સરખેઝ રોઝા વિઝિટ

આ અંગે અમેરિકાથી આવેલા લી જેકમેન કહે છે ધીરે બદલાય ભારત ઐતિહાસિક દષ્ટિએ અગત્યનું તો છે જ પણ હવે તે પોલીટિકલી અને ઈકોનોમિકલી પણ સ્ટ્રોગ થઈ રહ્યું છે.જે બાબતને ધ્યાનમાં રાખી અમે ભારત પ્રવાસે આવ્યા છીએ.જેમાં ભારતના અલગ-અલગ સ્થળોની મુલાકાત લઈને તેનું રિસર્ચ વર્ક કરીશું. ભારત કી ખોજ નામના આ આઠ દિવસનો પ્રોગામ છે જેના અંર્તગત અમને ભારતને નજીકથી જોવા જાણવાની તક મળશે


